Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

## તંત્રી લેખ

# એકાત્મમાનવવાદ અને ભારતીય સાહિત્ય

ડૉ. ભરત ઠાકોર, તંત્રી, સાહિત્ય મંથન

ઓગણીસમી અને વીસમી સદીમાં ભારતીય વિચાર મંથનમાં પૌર્વાત્ય અને પાશ્ચાત્ય વિચારોનું દ્વંદ પ્રખારતાથી થયું છે. એકાત્મ માનવ દર્શનની પૃષ્ટભૂમિ વેદાંત છે. સામાન્ય રીતે સ્વામી વિવેકાનંદે તેનો પ્રારંભ કર્યો, લોકમાન્ય તિલકે ગીતા રહસ્યના માધ્યમથી તેને આગળ વધાર્યો અને મહાત્મા ગાંધીજી એ ફરીથી ૧૯૦૯માં પોતાના હિન્દ સ્વરાજ પુસ્તકમાં આ વિષય પર ચર્ચા કરી છે. આ જ વિષય પર પંડિત દીનદયાળ ઉપાધ્યાયએ તેનું જ વિવેચન કર્યું છે.

એક વિચાર જ્યારે સિધ્ધાંત બની જાય છે, ત્યારે તેની વ્યાપ્તિ અનેક દિશાઓમાં સ્વયંભૂ થઈ જાય છે. પં. દીનદયાળ ઉપાધ્યાયનો એકાત્મમાનવવાદ સમાજ, રાષ્ટ્ર, અર્થશાસ્ત્ર અને સાહિત્યને ખૂબ દૂર સુધી પ્રભાવિત કરે છે. તેમનો પોતાનો મત એ છે કે, આપણે વ્યાપક રીતે જ વિચાર કરવો જોઈએ નહીં કે એકાંકી થઇ. તેમની દ્રષ્ટિએ મનુષ્ય પર વિચાર કરતી વખતે મન, આત્મા, બુદ્ધિ અને શરીર આ ચારેય દૃષ્ટિથી વિચાર કરવો પડશે. કેમ કે, તે આ ચારેયનું સામજસ્ય છે. તેથી તે ભારતનું પુરાતન નહીં પણ સનાતન દૃષ્ટિનો પથ છે. આ ‘દૃષ્ટિપથ’ની દૃષ્ટિમાં ન બની રહેવાના કારણે જ તમામ અનર્થ થઇ રહ્યો છે. તે અનર્થ ન થાય, આપણે સમ્યક રહીયે, સમ્યક વિચારીયે, સમ્યક કરીએ, એ માટે આપણે મૈથિલીશરણ ગુપ્તની ‘ભારત ભારતી`ની આ પંક્તિઓને વારંવાર યાદ કરતા રહેવું જોઈએ–

'हम कौन थे क्या हो गए
और क्या होंगे अभी
आओ विचारें आज
मिलकर ये समस्याएँ सभी ।'

આ પંક્તિઓ ભલેને સહજ લાગે છે, પરંતુ તેમાં આપણો સમગ્ર વિકાસ પથ રહેલો છે. ‘આપણે કોણ હતા’ જો આવો બોધ બની રહે તો શાયદ આપણે આવું કંઈ પણ ન કરીએ, જે રાષ્ટ્રને માટે અથવા માનવ જાતિને માટે અવરોધરૂપ બને. તેમનો બોધ બની રહેવાથી આપણને પિતૃ પુરૂષોનું અસ્તિત્વ અને વ્યક્તિતવનો ગૌરવભાવ યાદ થતો રહેશે. ‘શું થઇ ગયા’ તે આપણને ચિન્તન કરવા માટે મજબૂર કરે છે કે આ પતનાવસ્થાનું કારણ શું છે? જે પણ કારણ હોય,

તેમને આપણે પોતાના વિચારોમાં લાવી તેનું સમાધાન કરવું પડશે. 'શું હોઈશું અત્યારે' આપણા ભવિષ્યને સ્વર્ણિમ બનાવવા માટે સમૂહ ચિંતન કરવા તરફનો સંકેત છે.

આપણે કયારેય પણ અને ક્યાંય પણ તુટક- તુટક વિચારતા નથી અને કોઈ પણ વસ્તુ અથવા વિચારને પણ ખંડ-ખંડમાં જોતા નથી. આપણે અખંડના વિશ્વાસી છીએ. આપણે સર્વોત્તમના પક્ષધર છીએ. આપણે સત, ચિત્ત, આનંદના પોષક છીએ. આપણે નૈરંતર્યવાદી છીએ. આપણે સાશ્વત છીએ. એટલા માટે આપણે ઈશ્વરની આરાધના પહેલાં ગુરુની આરાધના કરતાં કરતાં તેને એ જ અખંડ દૃષ્ટિથી જોઈએ છીએ. આ સંદર્ભમાં આપણું માર્ગદર્શન આ શ્લોક કરે છે, જેને આપણે એમજ આપણી દરરોજની પ્રાર્થનામાં ગાતા રહીએ છીએ-

**अखंड मंडलाकारं व्याप्तं येनचाराशचरम् ।**
**तत्पदं दर्शित येन तस्मै श्री गुरुवे नमः ॥**

આ શ્લોક ખૂબ જ ઊંડો અર્થ ધરાવે છે. આપણી આ સમગ્ર સૃષ્ટિ અખંડ છે અને મંડલાકાર છે. આ જ ભારતીય દૃષ્ટિ છે કે સૃષ્ટિ જો મંડલાકાર છે, તેની એક પણ કડી અલગ નથી અર્થાત અવિછિન્ન છે. ઉદાહરણ તરીકે તેમના રેખાંકનું સ્વરૂપ આ પ્રમાણે હશે.



**આકૃતિ-૧**

પશ્ચિમ પણ સૃષ્ટિને મંડલાકાર જ માને છે, પરંતુ તેની દ્રષ્ટિમાં સમગ્ર સૃષ્ટિ ખંડ-ખંડમાં વિભાજિત છે. અર્થાત તેમની પ્રત્યેક કડી પોત-પોતાનં અલગ મહત્વ ધરાવે છે. જેમ કે-



**આકૃતિ-૨**

साहित्य मंथन
भारते मातृ भारती
# Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-1, Issue-4, Continuous Issue-4, November-December2020

એટલા માટે એકાત્મમાનવવાદમાં મનુષ્ય પર વિચાર કરતી વખતે તેમના મન (સંવેદન), તેમના આત્મા (ચિતિ), તેમની બુદ્ધિ(તર્કશક્તિ) અને તેમનું શરીર (અધિષ્ઠાન)ને એક સાથે રાખી વિચાર કરવામાં આવ્યો છે. એટલા માટે જ આપણે સાથે સાથે ચાલવા અને સાથે સાથે વિચારવાનો વિચાર લઈ ચાલીએ છીએ. તેનો સ્પષ્ટ ઉલ્લેખ આપણને ઋગ્વેદના દશમા મંડલના છેલ્લા ચાર-પાંચ સૂકતોમાં મળે છે.

આપણા પૂર્વજોના કેન્દ્રમાં નિરંતર મનુષ્યની પ્રતિષ્ઠા રહી છે. એટલા માટે વેદવ્યાસે કહ્યું,- **नहि मानुषात् श्रेष्ठतरं हि किञ्चित्** । આપણે માનવતાના આધાર પર જ વિચાર કરીએ છીએ. પશ્ચિમ યંત્રોના આધાર પર જ વિચાર કરે છે. પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો આઈન્સ્ટાઈન વગેરેના વૈજ્ઞાનિક ચિંતનનો આધાર પ્રકૃતિ છે. તેઓ પ્રકૃતિથી આગળ વધી જ નથી શકતા, જો આપણે જડના આધાર પર જ ટકી રહીશું તો મનુષ્ય રહી શકીશું નહિ. પશ્ચિમ પ્રકૃતિની આગળ જઈ શક્યું નથી. આપણે પ્રકૃતિને જડ નહીં ચિન્મય (બ્રહ્મ) માનીએ છીએ. આપણે ત્યાં બધુ ચિન્મય (બ્રહ્મમય) છે. એટલા માટે આપણું સાહિત્ય પણ મનુષ્યથી મનુષ્યેત્તર સુધી જાય છે.

આપણે ત્યાં જેટલા પણ આગમનિગમ દર્શન છે, તે બધા પ્રકૃતિને સાથે લઈને ચાલે છે. આપણે દ્વૈતને (ભિન્નતાને) મિથ્યામાનીને ચાલીએ છીએ. જડ, પ્રકૃતિ પણ આપણે ત્યાં લીલાનું ઉપકરણ બને છે. આનંદના આસ્વાદનો અનુભવ કરે છે. ત્યાં સુધી કે મનુષ્યના અંતિમ રૂપનો અનુભવ કરાવે છે.

પં. દીનદયાળ ઉપાધ્યાય એકાત્મમાનવવાદમાં રાષ્ટ્ર ચિંતનના સંદર્ભમાં સમગ્રતાથી વિચાર કરવા માટે ધર્મ, અર્થ, કામ અને મોક્ષને સાથે-સાથે લઈને ચાલે છે. કોઈ પણ એકના અભાવમાં કોઈ પણ એકની ચર્ચા અધુરી હશે.

પં. દીનદયાળ ઉપાધ્યાયના ચિંતનના કેટલાક અન્ય બિંદુ આ પ્રમાણે છે.

- ભારતીય સંસ્કૃતિ શાશ્વત મૂલ્યોની સાથે રાષ્ટ્રીયતા, પ્રજાતંત્ર અને વિશ્વ એકાત્મતા તેમના આદર્શોને એક સમગ્ર રૂપમાં રાખી શકશે.
- સંસ્કૃતિનો વિચાર કરતી વખતે તેમને સજીવ અને સક્ષમ બનાવો, સંગ્રહાલયની જેમ ન રાખો.
- આપણા સમાજનું સ્વરૂપ વિકાસોન્મુખ હોય તેની વ્યવસ્થા કરવી જોઈએ.
- આ દ્રષ્ટિએ આપણે અનેક રૂઢિઓ ખતમ કરવી પડશે, ઘણા સુધારા કરવા પડશે.

જેથી માનવતાનો વિકાસ અને રાષ્ટ્રીય એકાત્મનું પોષણ થઈ શકે.

- ઈશ્વરે આપણને જેવું શરીર આપ્યું તેમાં કોઈ મીનમેખ નથી અથવા તેના માટે આત્મગ્લાની લઈને ચાલવાની આવશ્યકતા નથી.
- સમાજમાં છૂઆછૂત અને ભેદભાવ દૂર કરવાના છે. કાર્ય ચેતના (Work Culture) ને જગાવવાનું છે. તે જગાવવા માટે ચિતિ(આત્મા)ની આવશ્યકતા છે. તેને વ્યાપક અર્થમાં લેવાથી રાષ્ટ્રની વિવિધતા અને ભાષા, વ્યવસાયમાં સંઘર્ષ થતો નથી. આપણે આપણા પ્રાચીન પ્રત્યે ગૌરવ ભાવ લઈને વર્તમાનના વાસ્તવિક અને વ્યવહારવાદી બની ભવિષ્યની મહત્વકાંક્ષા લઈને આ કાર્યમાં જોડાવવાવું પડશે. તેના માટે આપણે પ્રાચીન સમયની પ્રતિછાયા પણ નથી બનવું અને પશ્ચિમનું અનુકરણ પણ કરવાનું નથી.
- સૃષ્ટિની સાથે એકાત્મનો સાક્ષાત્કાર કરી નરમાંથી નારાયણ બનવા અને વ્યષ્ટિમાંથી પરમેષ્ટિ સુધીનું ચિંતન કરવાનું છે.

પં. દીનદયાળ ઉપાધ્યાયનું ચિંતન સાહિત્યને ખૂબ જ દૂર સુધી પ્રભાવિત કરે છે. ભલે તે તેમના નામ સાથે સંદર્ભિત થતું નહીં હોય. પરંતુ પ્રચ્છન્ન રૂપે અવશ્ય જોવા મળે છે. પ્રત્યેક દેશના જાતીય સાહિત્યમાં ત્યાંના રસ, રૂપ, ગંધની ચર્ચાની સાથે-સાથે લોકોનું સમગ્ર ઐકય સંચિત થતું જાય છે. તેના બે મોટાં ઉદાહરણ આપણી પાસે ઉપલબ્ધ છે, એક છે રામાયણ અને બીજુ છે મહાભારત. આ બંને મહાકાવ્યોમાં કાવ્યાત્મકતાની સાથે ધૈર્ય, શૌર્ય, નીતિ, અનીતિ, મર્યાદા અને અમર્યાદાના તમામ સંદર્ભો છે.

જ્યાં સુધી દીનદયાળ ઉપાધ્યાયજીનો એકાત્મમાનવવાદી ચિંતનનો પ્રશ્ન છે તે તેના જ સ્ત્રોતોથી આગળ વધીને સાહિત્યને સમર્થ બનાવે છે. તેમનો આ વિચાર સત્ ચિત અને આનંદ (સચ્ચિદાનંદના માધ્યમથી વ્યકત કરવામાં આવ્યો છે.) તેમાં આવેલા ત્રણે શબ્દોના આ પદ-સમુચ્ચયમાં એક ઊંડો પ્રતીકાર્થ જોવા મળે છે. તેનો પોતાનો આનુપૂર્વી ક્રમ છે-

સત્- નૈરંતર્ય અથવા સ્થાયિત્વનો ભાવ છે. આ જ 'સત્', 'સત્ય' (જે ત્રિકાળ બાધિત થઈ બની રહેવાવાળું) છે. તેને ગીતામાં 'नासतो विद्यतेभाव: नाभावोविद्यते सत:' (અર્થાત જેનો કદી અભાવ ન હોય, તે સત્ય છે) કહેવામાં આવ્યું છે.

ચિત્- એનું તાત્પર્ય આત્મા અને બધા પ્રકારના તત્વો સાથે છે. અર્થાત્ વિચારનું ચિતન, આ સનાતની છે.

આનંદ- એનું તાત્પર્ય છે - અનુભવ અથવા આસ્વાદ અથવા રસ.

તેનાથી રસની ઉત્પતિ થાય છે, તેને આપણું કાવ્યશાસ્ત્ર બ્રહ્માનંદ સહોદર કહેતું આવ્યું છે. એટલા માટે ને 'રસૌ વૈ સ:' કહેવામાં આવે છે પરંતુ તેને પદાર્થવાદી માનતા નથી.

- પંડિત દીનદયાળ ઉપાધ્યાયનું તે ચિંતન સાર્વપક્ષીય છે, સાર્વદેશિક છે, સાર્વવિષયી છે.
- આજે વિદ્યાનાં જેટલાં કેન્દ્રો છે, તેમાં એકાત્મમાનવવાદના દર્શન પર વિચાર અને સંશોધનકાર્ય થાય તે અપેક્ષિત છે.

તેના માટે આપણા સાહિત્યકારો-રચનાકારોએ આગળ આવી તેને જુદા જુદા સ્વરૂપમાં પ્રસ્તુત કરવું પડશે. ઉદા., તરીકે નવલકથા, કવિતા, વાર્તા અને નાટક લખવા જોઈએ અને આ પ્રકારના સાહિત્યને પાઠ્યક્રમોમાં સમાવિષ્ટ કરી તેનો ખૂબ જ પ્રચાર અને પ્રસાર કરવો જોઈએ. તેના પર હું વિદ્વાનો, વિચારકો અને વાચકો પાસે ફકત પ્રતિક્રિયા નહીં પરંતુ ઉપર્યુકત વિચાર અનુભવ પણ કરવા માગું છું. તેનાથી સર્વજન હિતાય આ વિષયને આગળ વધારવામાં સુવિધા રહેશે.

**સંદર્ભ સૂચિ :**

૧. એકાત્મ માનવદર્શન : તત્વ અને વ્યવહાર, પં.દીનદયાળ ઉપાધ્યાય, રંગા હરિ અને અન્ય, પ્રથમ આવૃત્તિ-2014

૨. એકાત્મ માનવ દર્શન (અનુવાદ), ભરત ઠાકોર અને કિરણસિંહ ચૌહાણ, પ્રથમ આવૃત્તિ – 2014